BUSINESS મિત્ર

સેન્સેક્સ 2009 પોઇન્ટ ઉછળ્યો, જ્યારે નિફ્ટીએ 24500 પોઇન્ટની સપાટી કુદાવી

ધનતેરસ પુર્વે ભારતીય શેરબજારમાં ધનવર્ષા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: ભારતીય શેરબજારમાં ધનતેરસ પુર્વે ધનવર્ષા શરૂ થઈ ચુકી છે. ગિફ્ટ નિફ્ટી 400 પોઇન્ટથી વધુ ઉછળી હોવાથી આજે શેરબજારમાં ગેપ અપ ઓપનીંગ થયું હતું. બીજી તરફ, આજે સેન્સેક્સ વીકલી એક્સપાયરીને લીધે ગેપ અપ ઓપનીંગથી મંદીવાળાઓમાં ગભરાટ ફેલાયો હતો અને વેચાણો કપાતા શેરબજારમાં તેજીનો દોર આગળ વધ્યો હતો. જેમાં સેન્સેક્સે 79000 પોઇન્ટ અને નિફ્ટીમાં 24500 પોઇન્ટની સપાટી કુદાવી હતી.

અમેરિકાની મધ્યસત્ર ચુંટણીમાં વિપક્ષી પાર્ટી ડેમોક્રેટની વિસ્ફોટક જીતથી આજે સતત બીજા દિવસે બજારમાં એટલો ઉત્સાહ જોવા મળ્યો હતો કે સેન્સેક્સ ઈન્ટ્રાડેમાં 2160 પોઇન્ટની છલાંગ લાગવી હતી. જ્યારે નિફ્ટી પણ 24500ને પાર નીકળી ગઈ હતી, જે 10 ઓગસ્ટ પછી આ સ્તરને પાર કરી ગયું હતું. જેના લીધે રોકાણકારોની કમાણીમાં રૂપિયા સાત લાખ કરોડનો વધારો થયો છે.

સેક્ટર વાઇઝ જોઇએ તો આજે ઓટો શેરોમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો. ખાસ કરીને ક્રુડ ઓઇલના ભાવમાં મોટો કડાકો બોલાતા ઓટો શેરોમાં ચમક જોવા મળી હતી. આ સિવાય એશિયન બજારોમાં સેમિકન્ડક્ટર કંપનીઓના શેરોમાં ઘટાડો જોવા મળ્યો હોવાથી આઈટી શેરો ચમક્યા હતા. સરકારી અને ખાનગી કંપનીઓના શેરોમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ પણ 3.5 ટકા વધ્યો હતો. તેજ સમયે પ્રારંભિક કારોબારમાં અડધા ટકાના ઘટાડાથી રીકવર થઇ રહેલા નિફ્ટી ફાર્મા એક ટકા વધ્યો હતો.

બીએસઇ સેન્સેકસ 2008.61 પોઇન્ટ એટલે કે 2.6 ટકા વધીને 79000 પોઇન્ટની સપાટી કુદાવીને 79310.01 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 79470 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78520 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 576 પોઇન્ટ એટલે કે 2.4 ટકા ઉછળીને 24500 પોઇન્ટની સપાટી કુદાવીને 24536.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23579 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24296 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1860.05 પોઇન્ટ એટલે કે 3.33 ટકા ઉછળીને 57773.65 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ક્યુમીન્સ ઈન્ડિયામાં 7.58 ગણા, અપોલો ટાયરમાં 6.07 ગણા, ટાઇટન કંપનીમાં 5.99 ગણા, એન્ડ્યુઅન્સ ટેકનોલોજીમાં 5.03 ગણા અને એપ્ટસ વેલ્યુ હાઉસીંગ ફાઇ. માં 4.94 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે પીઆઇ ઈન્ડ. માં 15.33 ગણા, ક્યુમીન્સ ઈન્ડિયામાં 9.04 ગણા, એપ્ટસ વેલ્યુ હાઉસીંગ ફાઇ.માં 8.53 ગણા, એલજી ઈલે. માં 8 ગણા અને આરએચઆઇ મેગ્નેસીતામાં 7.02 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં તેજીનો દોર આગળ વધ્યો હતો. જોકે, ફ્રન્ટલાઇન શેરોએ વધુ સારૂ પ્રદર્શન કર્યુ હતું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 1.93 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.79 ટકા વધ્યા હતા. આજે માર્કેટ બ્રેડથ મજબૂત જોવા મળી હતી. એનએસઇ ખાતે 2547 શેરો વધ્યા હતા, જ્યારે 1084 શેરો ઘટ્યા હતા અને 92 શેરો યથાવત રહ્યા હતા.

ઓટો શેરોમાં જોરદાર ઉછાળો આવ્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 4.14 ટકા વધ્યો હતો. ક્રુડ ઓઇલના ભાવ ઘટીને 100 ડોલરની નીચે સરકતા ઓટો શેરોમાં મોટો ઉછાળો જોવાયો હતો. જેમાં યુનો મીન્ડા 11.29 ટકા, અશોક લેલેન્ડ 10.6 ટકા, મારુતિ સુઝુકી 5.46 ટકા, ટીએમપીવી 5.44 ટકા, મહિન્દ્રા-મહિન્દ્રા 5.35 ટકા, સંવર્ધન મધરસન ઈન્ટરનેશનલ 4.71 ટકા, આઇશર મોટર 3.73 ટકા, હુન્ડાઇ મોટર 2.85 ટકા, બોશ 2.7 ટકા અને ટીવીએસ મોટર 2.51 ટકા વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે આજે પણ ડાઉ ફ્યુચર 276 પોઇન્ટ સુધારા સાથે ચાલી રહ્યો હોવાથી આજે પણ અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડ ઓઇલના ભાવ ઘટતા અને અમેરિકામાં ટ્રમ્પની હારથી ઈરાન વિવાદ નરમ પડશે, બીજી તરફ ભારત સહિત ચાર દેશો માટે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ખોલી નાંખતા ક્રુડ ઓઇલના ભાવ તૂટયા હતા. જેના લીધે યુરોપિયન બજારોમાં પણ મજબૂતાઇ જોવા મળી હતી. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. જોકે, એશિયન બજારોમાં સેમિકન્ડક્ટર શેરોમાં ભારે વેચવાલીનું દબાણથી બજાર દબાણમાં રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.60 ટકા, કેક 0.74 ટકા અને ડેક્સ 0.73 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.17 ટકા, તાઇવાન 3.31 ટકા, કોસ્પી 5.57 ટકા તૂટયા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.52 ટકા, હેંગસેંગ 3.50 ટકા, જકાર્તા 2.20 ટકા અને શાંઘાઇ 0.10 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

ડોલરમાં ઘટાડો ચાલુ રહ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં મધ્યસત્ર ચુંટણીમાં પરાજય થયા બાદ બોન્ડ યીલ્ડમાં ઘટાડો થવાથી ડોલરમાં નરમાઇ જોવા મળી હતી. ચાલુ સપ્તાહમાં સતત રૂપિયામાં સુધારો આગળ વધતો જોવા મળ્યો છે. આજે પણ ડોલરમાં નરમાઇ આગળ વધી હતી. ડોલરની સામે રૂપિયો 18 પૈસા મજબૂત થઇને 94.50ની નીચે સરકીને 94.47ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.65ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.14, પાઉન્ડ 127.66, કેનેડિયન ડોલર 67.47, ઓસ્ટ્રેલિયન ડોલર 66.12, જાપાનીઝ યેન 0.5965 અને સીંગાપોર ડોલર 73.80ના સ્તેર બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.47 રૂ.
યુરો	106.14 રૂ.
પાઉન્ડ	127.66 રૂ.
યેન	0.5965 રૂ.

સેન્સેક્સ	2008.61	79310.01
નિફ્ટી	576.00	24536.60
બેન્ક નિફ્ટી	1860.05	57773.65

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	7.65	1070.00
શઅરીરામ ફાઇનાન્સ	6.08	964.00
મારૂતિ સુઝુકી	5.48	12652.00
ટીએમપીવી	5.46	293.70
ઇન્ટરગ્લોબ	5.43	5420.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અપોલો હોસ્પિટલ	2.66	8371.00
ઓએનજીસી	2.13	230.00
એનટીપીસી	1.63	316.70
કોલ ઇન્ડિયા	1.34	394.30
ડો. રેડ્ડીઝ લેબ	0.58	13660.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	7.77	1070.20
ઇન્ટરગ્લોબ	5.80	5438.00
ICICI બેન્ક	5.29	1499.30
મારૂતિ સુઝુકી	5.28	12601.10
મહિન્દ્રા-મહિન્દ્રા	5.15	3104.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	1.65	316.40
ભારત ઇલેક્ટ્રીક્સ	0.57	394.85
અદાણી પોર્ટસ	0.53	1897.00
પાવરગ્રીડ	0.38	261.00
આઇટીસી	0.38	278.65

મધ્યસત્ર ચૂંટણીમાં કારમી હાર પછી ડોનાલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગ લાવવામાં આવશે?



અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીની કારમી હારને પગલે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર ત્રીજી વખત મહાભિયોગ ચલાવવાની ચર્ચાઓ તેજ બની છે. મધ્યવર્તી ચૂંટણીનાં પરિણામોએ અમેરિકન રાજકારણનો માહોલ બદલી નાખ્યો છે. ડેમોક્રેટો હવે કોંગ્રેસનાં બંને ગૃહો પર નિયંત્રણ ધરાવે છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં બહુમતી સાથે ડેમોક્રેટો ટ્રમ્પ સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ કરી શકે છે. હવે તેમને રિપબ્લિકન સભ્યોના સમર્થનની જરૂર રહેશે નહીં, જેના કારણે ડોનાલ્ડ ટ્રમ્પ સામે ત્રીજા મહાભિયોગની શક્યતા વધુ મજબૂત બની છે.

અમેરિકાના બંધારણ મુજબ મહાભિયોગની પ્રક્રિયા બે તબક્કામાં પૂર્ણ થાય છે. પ્રથમ તબક્કામાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ રાષ્ટ્રપતિ વિરુદ્ધ મહાભિયોગના ઠરાવ પર મતદાન કરે છે. આ માટે સરળ બહુમતી જરૂરી છે. આ પહેલાં ન્યાયતંત્રની સમિતિ તપાસ કરે છે, સુનાવણી કરે છે અને પુરાવાના આધારે આગળની કાર્યવાહી નક્કી કરે છે. જો ગૃહ મહાભિયોગ પ્રસ્તાવ પસાર કરે તો કેસ સેનેટમાં પહોંચે છે, જ્યાં રાષ્ટ્રપતિ વિરુદ્ધ ટ્રાયલ થાય છે. જો કે, રાષ્ટ્રપતિને તેમના પદ પરથી દૂર કરવા માટે સેનેટમાં બે તૃતીયાંશ બહુમતી કે લગભગ ૬૭ મતોની જરૂર પડે છે.

ડેમોક્રેટિક પાર્ટી હાલમાં મહાભિયોગ ચલાવવાને બદલે તપાસ કરવા અને પુરાવા એકત્ર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ડેમોક્રેટિક પાર્ટીના નેતા હકીમ જેફ્રીસે કહ્યું છે કે મહાભિયોગનો વિકલ્પ સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યો નથી. ડોનાલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગ અંગે અમેરિકન જનતાનો અભિપ્રાય વિભાજિત છે. પોલિટિકોના સર્વે મુજબ, ૫૦ ટકા લોકોએ કહ્યું કે ડેમોક્રેટોએ ટ્રમ્પ પર મહાભિયોગ કરવો જોઈએ, જ્યારે ૩૨ ટકા લોકોએ તેનો વિરોધ કર્યો હતો. દરમિયાન, ૫૪ ટકા લોકોએ માન્યું કે ડોનાલ્ડ ટ્રમ્પે એવા ગુના કર્યા છે જેના માટે મહાભિયોગ જરૂરી છે. ૨૪ ટકા લોકો માનતાં હતાં કે મહાભિયોગની કાર્યવાહી ટ્રમ્પની લોકપ્રિયતામાં વધારો કરી શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળ દરમિયાન એટલાં બધાં કૌભાંડો કર્યાં છે કે તેમાંનાં કોઈ પણ એકના આધારે તેમની સામે મહાભિયોગની કાર્યવાહી કરી શકાય છે. પહેલું કૌભાંડ ડોનાલ્ડ ટ્રમ્પ પરિવારનો વ્યાવસાયિક લાભ છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બે વર્ષના કાર્યકાળ દરમિયાન ટેરિફમાં વધારાથી લઈને ઇરાન યુદ્ધ બાબતમાં જે કોઈ નિર્ણયો લીધા તેને કારણે તેમના પારિવારિક બિઝનેસમાં અબજો ડોલરનો લાભ થયો હતો અને તેમની સંપત્તિ વધી હતી. આ રીતે રાષ્ટ્રપતિના હોદ્દાનો ઉપયોગ પોતાની સંપત્તિ વધારવા માટે કરવાનો આરોપ તેમની સામે મૂકી શકાય છે.

મહાભિયોગની કાર્યવાહી કરવા માટેનો બીજો સબળ મુદ્દો જેફ્રી એપ્સ્ટેઇન કેસને કેવી રીતે હેન્ડલ કરવામાં આવ્યો તે છે. આખી દુનિયા જાણે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ જેફ્રી એપ્સ્ટેઇન સાથે સંકળાયેલા હતા અને તેના સેક્સ કૌભાંડમાં પણ ભાગીદાર હતા. તેમ છતાં ડોનાલ્ડ ટ્રમ્પ સતત જેફ્રી એપ્સ્ટેઇન સાથેના પોતાના ગુનાહિત સંબંધોનો ઇનકાર કરતા આવ્યા છે. અમેરિકાના ન્યાય ખાતા દ્વારા જેફ્રી એપ્સ્ટેઇન બાબતના દસ્તાવેજો ચાલાકીપૂર્વક જાહેર કરવામાં આવ્યા છે, જેથી જે દસ્તાવેજોમાં ડોનાલ્ડ ટ્રમ્પની સંડોવણીના સીધા પુરાવાઓ છે, તેને દબાવી રાખવામાં આવ્યા છે. જો આ દસ્તાવેજો જાહેર કરવામાં આવે તો ટ્રમ્પને પાણીચું આપવાનું આસાન થઈ શકે છે.

મહાભિયોગની કાર્યવાહીને યથાર્થ ઠરાવે તેવો ત્રીજો મુદ્દો ડોનાલ્ડ ટ્રમ્પ સરકારની ઇમિગ્રેશન નીતિઓ છે. આ નીતિઓ દ્વારા વિદેશી વ્યાવસાયિકો પર જે નિયંત્રણો મૂકવામાં આવ્યાં તેને કારણે વિદેશથી આવતા બુદ્ધિધનનો પ્રવાહ અમેરિકામાં આવતો અટકી ગયો છે. ડોનાલ્ડ ટ્રમ્પની વિદેશ નીતિ પણ તેમની સામે મહાભિયોગનો પ્રસ્તાવ લાવવાનું કારણ બની શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલના વડા પ્રધાન નેતાન્યાહુના ઇશારા પર અમેરિકાને ઇરાન યુદ્ધમાં ધકેલી દીધું તેવી સામાન્ય છાપ છે. આ યુદ્ધમાં અમેરિકાને નામોશીનો સામનો કરવો પડ્યો તે ઉપરાંત ક્રુડ ઓઇલના

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

ભાવો વધવાને કારણે અર્થતંત્રને પણ ગંભીર નુકસાન થયું છે. આ કિસ્સાઓમાં ડેમોક્રેટો દસ્તાવેજો માંગી શકે છે અને અધિકારીઓને જુબાની આપવા માટે પણ બોલાવી શકે છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન બે વાર મહાભિયોગ ચલાવવામાં આવ્યો હતો. પ્રથમ મહાભિયોગની કાર્યવાહી ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી વચ્ચે થયેલા ફોન કોલથી શરૂ થઈ હતી, જેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે યુક્રેનિયન રાષ્ટ્રપતિને બે તપાસની જાહેરાત કરવા કહ્યું હતું. એક, આગામી ૨૦૨૦ ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમના સંભવિત પ્રતિસ્પર્ધીને સંડોવતી તપાસ અને બીજો આરોપ કે યુક્રેનની અંદરની સંસ્થાઓએ ૨૦૧૬ ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દખલ કરી હતી. પ્રથમ કોલમાં ઓફિસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટે રાષ્ટ્રપતિના નિર્દેશ પર યુક્રેનને ૪૦ કરોડ ડોલરની લશ્કરી સહાય સ્થગિત કરી દીધી હતી. બીજા કોલની સામગ્રી ગુપ્તચર સમુદાયના વ્હિસલબ્લોઅર રિપોર્ટ દ્વારા પ્રકાશમાં આવી હતી, પરંતુ કોલનો સારાંશ રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા બાદમાં જાહેર કરવામાં આવ્યો હતો.

મહાભિયોગ તપાસનો બીજો તબક્કો ન્યાયતંત્ર સમિતિ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. આ તબક્કામાં રાષ્ટ્રપતિનું વર્તન મહાભિયોગનો ગુનો છે કે કેમ તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. શ્રેણીબદ્ધ સુનાવણીઓ પછી, સમિતિએ રાષ્ટ્રપતિ સામે મહાભિયોગના બે ઠરાવની ભલામણ કરી, જે બંનેને આખરે ગૃહ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. પહેલા ઠરાવમાં રાષ્ટ્રપતિ પર સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેમણે ૨૦૨૦ ની ચૂંટણીમાં યુક્રેનની દખલગીરી માટે તેમના કાર્યાલયની સત્તાઓનો ઉપયોગ કર્યો હતો અને રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી પર તપાસની જાહેરાત કરવા સંમત થવા પર યુક્રેનને લશ્કરી સહાય અને વ્હાઇટ હાઉસની મુલાકાત જેવાં સત્તાવાર કાર્યોને શરતી બનાવ્યાં હતાં. ઠરાવમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રાજકીય લાભ મેળવવા માટે ભ્રષ્ટ હેતુઓ માટે આ યોજના અથવા આચરણમાં રોકાયેલા હતા. બીજા ઠરાવમાં રાષ્ટ્રપતિ પર પ્રતિનિધિ ગૃહ દ્વારા જારી કરાયેલા સમન્સની અભૂતપૂર્વ, સ્પષ્ટ અને આડેધડ અવજ્ઞાને નિર્દેશિત કરીને ગૃહ મહાભિયોગ તપાસમાં અવરોધ લાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ ઠરાવમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રાષ્ટ્રપતિના પદનો દુરુપયોગ બંધારણીય સરકારનો નાશ કરનારો હતો અને ફક્ત પ્રતિનિધિ ગૃહમાં નિહિત મહત્ત્વપૂર્ણ બંધારણીય સુરક્ષાને રદબાતલ કરતો હતો. લાંબી કાર્યવાહીના આખરે સેનેટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બંને બાબતોમાં નિર્દોષ જાહેર કર્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૧ માં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ડોનાલ્ડ ટ્રમ્પ પર બીજી વખત મહાભિયોગ ચલાવવા માટે મતદાન કર્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિપદ છોડ્યા પછી સેનેટમાં મહાભિયોગની ટ્રાયલ થઈ હતી. આ વખતે ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ વોશિંગ્ટનમાં બનેલી ઘટનાઓ ના સંદર્ભમાં બળવાની ઉશ્કેરણીના આરોપસર મહાભિયોગનો પ્ર સ્તાવ લાવવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન ૧૦ રિપબ્લિકન સાંસદોએ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગના સમર્થનમાં મતદાન કર્યું હતું. સેનેટની બહુમતીએ ટ્રમ્પને દોષિત ઠેરવવા માટે મતદાન કર્યું, જેમાં સાત રિપબ્લિકનોએ ડેમોક્રેટોને ટેકો આપ્યો હતો. ૫૭ થી ૪૩ મતોનું આ પરિણામ ડોનાલ્ડ ટ્રમ્પને દોષિત ઠેરવવા માટે જરૂરી બે તૃતીયાંશ બહુમતીથી ઓછું રહ્યું. સેનેટે ટ્રમ્પને આરોપોમાંથી મુક્ત કર્યા હોવાથી તેમને ફરીથી જાહેર પદ સંભાળવાથી રોકવા માટે મતદાન કરવાની જરૂર નહોતી.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ત્રીજો મહાભિયોગ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના પદ પરથી દૂર કરી શકશે? હાલમાં, આની શક્યતા ખૂબ ઓછી દેખાય છે. જ્યારે પ્રતિનિધિ ગૃહમાં મહાભિયોગનો ઠરાવ પસાર કરવો શક્ય છે, ત્યારે સેનેટમાં બે તૃતીયાંશ બહુમતી મેળવવી ડેમોક્રેટો માટે એક મોટો પડકાર હશે. જો મહાભિયોગની પ્રક્રિયા શરૂ થાય તો પણ ડોનાલ્ડ ટ્રમ્પના પદ પર રહેવાની શક્યતા વધુ છે. જ્યાં સુધી સેનેટ તેમને દોષિત ઠેરવવાનો અને પદ પરથી દૂર કરવાનો નિર્ણય ન લે ત્યાં સુધી તેઓ તેમની રાષ્ટ્રપતિની સત્તાઓ જાળવી રાખશે, જેમાં વીટો પાવર, એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કરવાનો અધિકાર અને સૈન્યના કમાન્ડર-ઇન-ચીફ બનવાનો અધિકાર પણ સામેલ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળ દરમિયાન એટલાં બધાં કૌભાંડો કર્યાં છે કે તેમાંનાં કોઈ પણ એકના આધારે તેમની સામે મહાભિયોગની કાર્યવાહી કરી શકાય છે

GST રજિસ્ટ્રેશનમાં ઓટીપી ફરજિયાત થતા ફેરફારને અવકાશ નહીં

ત્રણ દિવસમાં ઓટીપી વેરિફિકેશન નહીં થાય તો એઆરએન બનશે નહીં

નવી દિલ્હી, તા. 5: જીએસટી રજિસ્ટ્રેશનમાં કોઈપણ પ્રકારના સુધારા વધારા કરવા માટે હવે ઓટીપી ફરજિયાત બનાવી દેવામાં આવ્યો છે. આ માટેની માર્ગદર્શિકા પણ જાહેર કરી દેવામાં આવી છે. સાથે સાથે નવેમ્બરથી જીએસટી પોર્ટલ પર તેનો અલ કરી દેવામાં આવ્યો છે. જેથી અરજદાર દ્વારા જીએસટી રજિસ્ટ્રેશનમાં સુધારા કરવા માટે અરજી કરે એટલે ત્રણ દિવસમાં જ ઓટીપી વેરિફિકેશન પુરૂં કરી દેવામાં આવ્યો છે. જેથી અરજદાર દ્વારા જીએસટી રજિસ્ટ્રેશનમાં સુધારા કરવા માટે અરજી કરે એટલે ત્રણ દિવસમાં જ ઓટીપી વેરિફિકેશન પુરૂ કરી દેવાનું રહેશે. જો તે ત્રણ દિવસમાં પુરૂં કરવામાં નહીં આવે તો એઆરએન નંબર જ બનશે નહીં.

જીએસટી રજિસ્ટ્રેશનમાં સુધારા કરવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શિકા બહાર પાડી છે. તેમાં મુખ્ય વ્યવસાયના સ્થળમાં ફેરફાર કરવા માટેની અરજીની તપાસ અગાઉની જેમ જ નિયમ 19 મુજબ સંબંધિત અધિકારી દ્વારા ચાલુ રહેશે. વેપારનું નામ, પાર્ટનર્સ કે ડિરેક્ટર્સનો ઉમેરો અને વધારાના વ્યવસાય સ્થળ જેવા ફેરફારો માટે સંબમિશન અને ઓનલાઇન વેરિફિકેશન થતાં જ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટમાં સુધારો માન્ય ગણવામાં આવશે.

પ્રાયમરી ઓથોરાઇઝડ સિગ્નેટરી તેમજ સંબંધિત પ્રમોટર, પાર્ટનર અથવા ડિરેકટર મોબાઇલ નંબર અને ઇમેઇલ એડ્રેસનું ઓનલાઇન ઓટીપી વેરિફિકેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. અરજી સબમિટ કર્યાના 3 દિવસની અંદર ઓટીપી વેરિફિકેશન પુર્ણ કરવાનું રહેશે. ત્રણ દિવસમાં વેરિફિકેશન નહીં થાય તો અરજીનો સંદર્ભ નંબર જનરેટ થશે નહીં. કેટલીક બાબતોમાં પાન નંબર, વેરિફિકેશન નહીં થાય તો અરજીનો સંદર્ભ નંબર જનરેટ થશે નહીં. કેટલીક બાબતોમાં પાન નંબર, ડીન, સીઆઇએન સહિતની વિગતોનું ઓનલાઇન જ વેરિફિકેશન કરી દેવામાં આવ્યા બાદ જ એઆરએન નંબર આપવામાં આવશે. તમામ જરૂરી ઓનલાઇન વેરિફિકેશન અને તપાસ સફળતાપુર્વક પુર્ણ થયા પછી કરદાતા પોર્ટલ પરથી સુધારેલું રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવી શકશે.

કોલ ગેસિફિકેશનથી રૂ. દોઢ લાખ કરોડના વિદેશી હુંડિયામણની બચત થશે : કોલસા સચિવ

ભારત સરકારે રૂ. 46000 કરોડ રૂપિયાનું નાણાકીય પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

નવી દિલ્હી, તા. 5: કોલસા મંત્રાલયના સચિવ વિક્રમ દેવ દત્તે જણાવ્યું હતું કે ભારત આગામી પાંચથી સાત વર્ષમાં કોલ ગેસિફિકેશન પ્રોજેક્ટ્સથી લગભગ 1.5 લાખ કરોડ રૂપિયાનું વિદેશી હૂંડિયામણ બચાવી શકે છે. આ બચત આયાતની અવેજીથી થશે. કેન્દ્ર સરકારે કોલ ગેસિફિકેશન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવા માટે બે યોજનાઓ હેઠળ રૂ. 46,000 કરોડના નાણાકીય પ્રોત્સાહનોની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. કોલસાનું વાયુકરણ કોલસાને કૃત્રિમ ગેસમાં રૂપાંતરિત કરે છે. આનાથી સંખ્યાબંધ ઉત્પાદનો થઇ શકે છે જેની ભારત મોટી માત્રામાં આયાત કરે છે. દત્તે કોલસાના ગેસિફિકેશનને ઔદ્યોગિક વૈવિધ્યકરણ અને પ્રાદેશિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ સાધન તરીકે વર્ણવ્યું હતું.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૮૨૪૦
તેજાબી સોનું	૧૪૮૧૫૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૦૮૩૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૫૨૭૫
સોનાનાં બિસ્કીટ	૧૪૮૨૪૦૦
ચાંદી (૯૯૯)	૧૯૨૯૦૦
ચાંદી સિક્કા	૧૯૪૯૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ અને કમિન્સ ઈન્ડિયાના ભાવમાં કડાકો બોલ્યો

પીઆઇ ઇન્ડસ્ટ્રીઝના ભાવમાં 19 ટકા જ્યારે કમિન્સના ભાવમાં 14 ટકાનું ગાબડું

મુંબઈ, તા. 5 : આજે શેરબજારમાં ધરખમ ઉછાળો જોવાયો પણ પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ અને કમિન્સ ઈન્ડિયાના શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. સવારે બજાર ખુલ્યા બાદ બંને કંપનીઓના શેર લગભગ 13 ટકા નીચે ટ્રેડ થઈ રહ્યા હતા. પીઆઈ ઈન્ડસ્ટ્રીઝના નબળા ત્રિમાસિક પરિણામો અને કમિન્સ ઈન્ડિયાની નફાકારકતા પર વધતા ખર્ચનું દબાણ આ ઘટાડા પાછળના મુખ્ય કારણો માનવામાં આવે છે.

પીઆઈ ઈન્ડસ્ટ્રીઝનો શેર તેના પહેલાના બંધ ભાવ રૂ. 2,187 થી તમને 1,862.40 પર આવી ગયો, જ્યારે કમિન્સ ઈન્ડિયાનો શેર રૂ. 4,725.70 થી ગબડીને રૂ. 4,031.20 પર પહોંચ્યો. 5 નવેમ્બરના રોજ, પીઆઈ ઈન્ડસ્ટ્રીઝનો શેર રૂ. 2,057.20 પર ખુલ્યો, જે તેના પહેલાના બંધ ભાવ 2,187 કરતા હતા – જે ટ્રેડિંગની શરૂઆતથી જ ખૂબ જ નબળાઈ દર્શાવે છે. ત્યારબાદ વેચવાલી તીવ્ર બની હતી અને ભાવ ઘટીને દિવસના અંતે રૂ. 1770 પર આવી ગયો, જે 19.07 ટકાનો ઘટાડો દર્શાવે છે.

યાર્ન બજાર સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

(GST સાથેના ભાવ)

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

જુના AC વેચવાના છો?
સારો ભાવ જોઈએ તો આજે જ સંપર્ક કરો. Mo. 9316100413 (j)

જુના સામાન લેવામા
આવશો. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 ()

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 સ્કવેરફુટ જગ્યા ભાડે આપવાની છે પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય 9898041152

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184. (12512)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ગોવા, , મહાબળેશ્વર
6 દિવસ તા. 9, 11, 14, 17 નવેમ્બર, સારંગપુર વીરપુર, સોમનાથ, દીવ, દ્વારકા 3 દિવસ. સફેદરણ, કાળો ડુંગર, ભુજ, માંડવી, અંજાર, માતાનો મઢ દિવસ- 3 તા. 11, 15, 21 નવેમ્બર, 11 ડિસેમ્બર- અડાજણ. જયેશભટ્ટ: 9909888622 (j)

મહાદેવ ટુર એન્ડ
ટ્રાવેલ્સ. દિવાળીમાં (અષ્ટવિનાયક), (ભીમાશંકર), (ઉજ્જૈન), (દ્વારકા), (શિરડી, સાપુતારા), (સફેદરણ) (અંબાજી, ચોટીલા, વીરપુર, સારંગપુર) (સ્ટેચ્યુ ઓફ યુનિટી) 7802062340 (403)

કાશમીર, વૈષ્ણોદેવી
અમૃતસર 4 સીટ બાકી દિવસ- 13 સ્લીપર 6352474903 (12506)

સ્વપ્ન ટ્રાવેલ્સ
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, (ફક્ત 3 સીટ બાકી) અને 24/ 11 (ફક્ત 5 સીટ બાકી) (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુક્તિનાથ. તારીખ- 24/ 12, દિવસ-12. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, બ્રેક ફાસ્ટ, લંચ, ડીનર સાથે, મળો: દિપકભાઈ બોડીવાલા- 9825144143, કિશનભાઈ- 9898700934. (12600)

N.A. (મલ્ટીપર્પસ) જગ્યા 24,101 ચો.મી. લાંબા સમય માટે ભાડે આપવાની છે ઝઘડીયા G.I.D.C.થી એક કિ.મી. રોડ ટચ : સંપર્ક : 98251 17876

ઓમશિવ ટ્રાવેર્લ્સ
બેસતુવર્ષ 10, 12, 17 (કચ્છ, સફેદરણ, આશાપુરામાતા, માંડવી, મોગલધામ) (ઉદેપુર, જયપુર, ખાટુશ્યામ, ચિત્તૌડગઢ, માઉન્ટઆબુ) (હરીદ્વાર, ગોકુલ, મથુરા, વૃંદાવન) (જોધપુર, જેસલમેર, જુનારણુંજા) (નાસિક, શીર્ડી, સપ્તશ્રુંગી, શનિદેવ) (સારંગપુર, વિરપુર, ચોટીલા, મોઢેરા, અંબાજી) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997 (12601)

રોશનીશિવ ટ્રાવેલ્સ
(1) તારીખ- 11/11, હરિદ્વાર, મથુરા, શ્રીનાથજી, જયપુર, અંબાજી, દિવસ- 12, (2) તારીખ- 10/11, ઉજ્જૈન, ઓમકારેશ્વર, દિવસ- 3, (3) તારીખ- 11/11, ઉદેપુર, જયપુર, ખાટુશ્યામ, સાવરીયાશેઠ, ચિત્તૌડગઢ, અંબાજી. દિવસ- 7 (4) તારીખ 11/11, જોધપુર, જેસલમેર, રામદેવડા, બિકાનેર. દિવસ- 6. -9427478966, 9978678966 (12602)

નોકરી વિષયક

ડ્રાઈવર જોઈએ છે
12 કલાક, 8 કલાક માટે અલથાણ, વેસુ, પીપલોદ એરીયામાં Mo. 8511311422 (j)

આઇસ્ક્રીમ પાર્લર
માટે ફુલ ટાઈમ કારીગર, ટી, કોફી, મિલ્કશેક્સ, વેઈટર, હેલ્પર, કેશિયરની જરૂર છે. સુરત, ગુજરાતમાં 9712907552 પર કોલ કરો (12585)

વકીલ , CA,
આર્કીટિક, ટ્રાવેલ્સ લાયક ઓફિસ વેચવાની પાર્લેપોઈન્ટ 9879276073 (12604)

મિલ્કત વેચવાની છે

પ્લોટ, બંગલો
ફ્લેટ લેવા વેચવા ઘોડદોડ, સિટીલાઈટ, પીપલોદ, પાર્લે પોઈન્ટ, વેસુ, મહિધરપુરા, ડુમસ 9879276073 (12603)

સ્વાતી સોસાયટી
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001 (11416)

2.15 વિંઘા ઈન્ડસ્ટ્રીયલ
Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ. Mo. 9687580001 (11417)

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામઃ કાળા વ્યારા, કણજા 9687580001 (11419)

NA Plan Pass
12 વિંઘા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) 9687580001 (11418)

મિલ્કત ભાડેથી

ઓફિસ ભાડેથી
આપવાની છે 1200 ચોરસ ફૂટ કારપેટ ગ્રાઉન્ડ ફ્લોર પર અઠવાગેટ સર્કલ ઉપર કોમર્શીયલ હેતુ માટે Call: 9998219288 (12355)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.